# ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૧ ની કલમ-૧૪૪ હેઠળનો હુકમ

ડાંગ જીલ્લાના બાજુમાં મહારાષ્ટ્ર રાજય તથા જીલ્લામાં ગિરીમથક સાપુતારા આવેલ છે. જેથી આજુબાજુના વિસ્તારમાંથી નોકરી ધંધા અર્થે તેમજ પ્રવાસ અર્થે પરપ્રાંતિયો ઇસમો જીલ્લામાંથી અવર-જવર કરતા હોય છે. તેમજ જીલ્લામાં આવી વસવાટ કરતા હોય છે. જીલ્લામાં આવેલ ગિરીમથક સાપુતારાના કારણે પરપ્રાંતિય પ્રવાસીઓ,ઇસમો હોટલોમાં રહેતા હોય છે. તેમજ વેપાર,વાણિજયના નાણાંકિય વ્યવહારો બેંકો,આંગડીયા પેઢી ધ્વારા કરવામાં આવતા હોય છે. મોટી વેપારી દુકાનો,મોટા શોપીંગ મોલો, જવેલર્સો વિગેરે જેવા સ્થળોએ ધાર્મિક તહેવારો તેમજ સામાજીક પ્રસંગો નિમિત્તે લોકો ધ્વારા ખરીદી કરવા માટે વધુ પડતી જનમેદનીઓ એકત્રીત થતી હોય છે. આવા સ્થળોએ આશરો મેળવી પોતાના ગુનાહિત કૃત્યનો અંજામ આપતા હોય છે. જેથી ગંભીર પ્રકારના મિલ્કત સંબંધે લુંટ ધાડ, ચોરી અને શરીર સબંધી ખુનજીવલેણ હુમલા જેવા ગંભીર પ્રકારના ગુનાઓ ભૂતકાળમાં બનેલ છે જેના લીધેલ જાહેર જનતાની સલામતી અને શાંતિમં જોખમ ઉભું થાય છે આવા ગંભીર પ્રકારના ગુનાઓ અટકાવવા તેમજ બનેલ તથા વણ શોધાયેલ ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસને મદદરૂપ થાય તે હેતુ માટે તેમજ જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ નીચે જણાવ્યા મુજબની સુચનાનું ચુસ્તપણે પાલન કરવા માટે આથી હુકમ કરૂ છું.

હું પી.કે.સોલંકી આઇ.પી.એસ.જીલ્લા મેજીસ્ટ્રેટ,ડાંગ-આહવા ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો)ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

**૧.** સમગ્ર ડાંગ જીલ્લામાં આવેલ વેપાર,વાણિજય,નાણાંકિય વ્યવહારો કરતી રાષ્ટ્રીયકૃત બેંકો, ખાનગી બેંકો, પેઢીઓ,આંગડીયા પેઢીઓ, મોટી વેપારી દુકાનો,મોટા શોપીંગ મોલો, જવેલર્સો,ડીઝલ/પેટ્રોલ પંપો તેમજ હોટલો(ગેસ્ટ હાઉસો)ના સ્થળોએ સંબંધકર્તા સંચાલકોએ તેમના કાર્યક્ષત્રના વિસ્તારમાં અંદરના ભાગે તેમજ બહારના ભાગે સી.સી.ટી.વી.કેમેરા તેમની નાણાંની સલામતી તેમજ જાહેર જનતાની સલામતી માટે લગાવવા અને કાર્યરત કરવા માટે જણાવવામાં આવે છે.

**૨.** જીલ્લામાં થતી ધાડ,લુંટ અને ચોરીઓના ગુના અટકાવવા માટે તથા વણ શોધાયેલ ગુનાઓ શોધવા માટે હાઇવે ઉપરના પેટ્રોલ પંપો,હોટલો,ટોલ પ્લાઝા ઉપર તેમજ

ચેકપોસ્ટ,આર.ટી.ઓ.ચેકપોસ્ટ ઉપર સી.સી.ટી.વી. કેમેરા(નાઇટ વિઝન તથા હાઇડેફીનેશન)વીથ રેકોર્ડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહન આઇડેન્ટીફાઇ થઇ શકે અને ગુનો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને. એટલું જ નહિં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય. જેથી ડાંગ જીલ્લામાં હાઇવે ઉપર આવેલ તમામ પેટ્રોલપંપો, હોટલો, ટોલ પ્લાઝા ઉપરના ફીલીંગ સ્ટેશન ઉપર, પેટ્રોલ પંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર, તમામ હોટલોના ભોજન કક્ષ તથા હોટલોની બાજુમાં આવેલ દુકાનો ઉપર તમામ ટોલ પ્લાઝા ઉપર તથા તમામ ફોરેસ્ટ ચેકપોસ્ટ,આર.ટી.ઓ.ચેકપોસ્ટ ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા વાહનમાં બેઠેલી વ્યકિતઓની ઓળખ થઇ શકે તે રીતે, રેકોર્ડીંગ થાય તે રીતે આવતા-જતા વાહનો, વાહનોના નંબર, આવતી-જતી વ્યકિતઓની ઓળખ થઇ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

3. સી.સી.ટી.વી.કેમેરા નાઇટવિઝન તથા હાઇડેફીકેશનના રાખવા, કેમેરા પુરતી સંખ્યામાં રાખવા જેથી વ્યકિત કે વાહન આઇડેન્ટીફાઇ થઇ શકે. સી.સી.ટી.વી.કેમેરા રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવી કવોલીટીના રાખવા. ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે રીતે વ્યવસ્થા રાખવી.

આ હુકમ પ્રસિધ્ધ થયા તારીખથી તાત્કાલિક અમલમાં રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ સજા/દંડ થઇ શકશે.

આ જાહેરનામાની વર્તમાનપત્રો મારફત બહોળી પ્રસિધ્ધિ કરવી.

આજરોજ તા.૨૭/૦૩/૨૦૧૨ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

સહી/-
(પી.કે.સોલંકી)
જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ
આહવા